# અધ્યયન અધ્યાપન પ્રકિયા

પુષ્પાબેન બી. પટેલ
વ્યાખ્યાતા,
શ્રી નવજીવન બી.એડ્.કોલેજ,ડીસા

પ્રાચીન સમયમાં વિધાભ્યાસ માટે બાળકોને ગરૂના આશ્રમમાં મોકલવામાં આવતા. ત્યાં તેઓ ચોવીસ કલાક ગુરૂજીના સાનિધ્યમાં રહી તેમના સાત્વિકઆચાર–વિચાર અને આચરણની જ્ઞાનબોધ મેળવતા. જયારે અત્યારે એકવસમી સદીમાં વિધાર્થીઓ મોટા મોટાવિધાભવનોમાં જ્ઞાન મેળવે છે. કોમ્પ્યુટર અને એલ.સી.ડી. જેવા અત્યાધુનિક શિક્ષણ પ્રસાધનો દ્વારા તેઓ જ્ઞાન મેળવે છે. અલબત જ્ઞાનની વિભાવના ખૂબ જ વિકસી છે. મનુષ્યને પાંચ ઈન્દ્રિયો આપીને કુદરતે તેને શીખતા રહેવાની પાર વગરની શકિતઓ આપી છે. ટૂંકમાં કહીએ તો માનવી એ અધ્યનશીલ પ્રાણી છે. તેની અધ્યયન કરવાની પ્રકિયા એજ તેને સિધ્ધિ અપાવી છે. માનવીની અધ્યયન પ્રકિયાની સફળતાનો આધાર શિક્ષકની અધ્યાપન પ્રકિયા સાથે અભિન્ન રહેલો છે.

મહાન કેળવણીકાર દાઉદભાઈ ઘાંચી કહે છે કે Education is a tritemporal Process વળી અધ્યાપની પ્રકિયા એ એક પ્રકારની માનસિક ઈજનેરી છે. ઈ.સ. ૧૯૬૪–૬૬ના કોઠારી શિક્ષણપંચે પણ તેના બંધારણના આમુખમાં સાચે જ કહયું છે કે, ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઈ રહયું છે. અને તેના સાચા ઘડવૈયાઓ છે. આધુનિક યુગના શિક્ષક મિત્રો કે જેઓ આપણાં સાચા શિલ્પી છે. અને આજની સમગ્ર શિક્ષણરૂપી ઈમારતના તેઓ સાચા ઈજનેરો છે.

### અધ્યયન એટલે શું ?

અધ્યયન એટલે મુહાવરો, તાલીમ, અનુભવ આપણે પહેલા જે ન હોતા કરી શકયા તે હવે કરી શકવા લાગ્યા.અર્થાતઅધ્યયન એ વર્તનમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા છે.

### અધ્યાપન એટલે શું ?

અધ્યાપન પ્રકિયા વિશે એમ કહી શકાય કે જીવનસંગ્રામમાં આવતી મુસીબતો સામે નીડરતાથી તે શીખવાડે એટલે અધ્યાપન પ્રક્રિયા.

### અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાની અસરકારકતાના આધારો નીચે પ્રમાણે કહી શકાય.

**વર્ગખંડમાં વર્તન વ્યવહારનું સંચાયન :**

- રસીક અને પ્રેમ હૂંફવાળું વાતાવરણ
- વૈવિધ્યપૂર્ણ યોજનાઓ
- શિક્ષકનું ચારિત્ર્ય
- વિવિધ પ્રયુક્તિ –પ્રસાધનોનો ઉપયોગ

**મુક્ત વર્ગખંડ**

- લાગણીભર્યું વાતાવરણ
- શિખામણવૃતિ અટકાવવી
- માનવસંબધોની સ્થાપના
- પ્રકૃતિપ્રેમ,મૂલ્યો
- તન–મન–હૃદયની કેળવણીનું કૌશલ્ય

**અધ્યાપન પ્રયુક્તિઓ**

- સૂચન,સહાનુભૂતિ અને અનુકરણ દ્વારા શીખવું.
- અભિસંધિત પ્રતિક્ષિતી ક્રિયાદ્વારા શીખવું.
- રમત દ્વારા શીખવું.
- સાહચર્ય દ્વારા શીખવું.
- આંતરસૂઝ દ્વારા શીખવું.
- પ્રયત્ન અને ભૂલ દ્વારા શીખવું.

**અધ્યયન શૈલીમાં વ્યક્તિગતતફાવતોઃ**

- ક્રમિક અને વ્યાપક કે ઉતાવળા અધ્યેતા
- સંવેદી અને આંતરસૂઝ ધરાવતા અધ્યેતા
- સક્રિય અને ચિંતનાત્મકઅધ્યેતા
- દશ્ય – અશાબ્દિકઅધ્યનશૈલી ધરાવતા અધ્યેતા

**અધ્યાપકીય પાસાંઓ પર સમજની અસર :**

**હકારાત્મક**

- અધ્યયન કાર્યમાં સક્રિયતા
- વિકાસલક્ષી પરિવર્તનો
- આર્થિક રીતે સહાયરૂપ બનવું વગેરે.

**નકારાત્મક**

- ફરજીયાત ભાગીદારી
- ખામીભર્યું આયોજન
- વિચારભેદ

**અધ્યયનવિકલાંગતા**

- વિષયવસ્તુની જટિલતાનો ભાવ
- શિક્ષકપ્રત્યે પૂવર્ગ્રહ
- વાતાવરણ

- અયોગ્યઅધ્યયન શૈલી
- માનવીય સંબંધો

ડંકિનઅને બિડલ (૧૯૭૪) એ અધ્યયન – અધ્યાપન પ્રકિયામાં સામેલ ચાર પ્રકારનાં પરિબળોની યાદી આ પ્રમાણે આપી છે.

**અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા પર અસર કરતાં પરિબળો**

- આગાહીસૂચક
- સાંદર્ભિક
- પ્રકિયાગત
- નીપજલક્ષી પરિબળો
- પરિબળોપરિબળોપરિબળો

**લાક્ષણિકતાઓ**

- કૌશલ્ય, સામાજિક–આર્થિક સ્થિતિ, શિક્ષકનું ચિંતન, ટૂંકાગાળાની નીપજો
- બુધ્ધિ, વય, શિક્ષક – અધ્યેતા વચ્ચેની આંતરકિયા
- અનુભવ જ્ઞાન શિક્ષણ આયોજનલાંબાગાળાની નીપજો
- પ્રેરણાંજાતિયતાવિવિધ પ્રસાધનોનો ઉપયોગ
- માન્યતાઓવલણ
- વયકિતત્વ ક્ષમતાઓ
- તાલીમઅભ્યાસક્રમ
- ઉંમરશાળા પર્યાવરણ
- વલણ બુધ્ધિ
- જાતિપાઠયપુસ્તક
- શૈક્ષણિક સુવિધાઓ

આમ, શિક્ષણમાં અધ્યન – અધ્યાપન પ્રયુકિતઓ કેન્દ્રસ્થાને છે.આ પ્રકિયા વિધાર્થીના જીવનને ઘડે છે. નૂતન પધ્ધતિઓ અને પ્રયુકિતઓદ્વારા બાળકોને પ્રવૃતિસભર,આનંદદાયક અને સાથેસાથે પ્રેરક,ઉપકારક,જ્ઞાન,સંસ્કાર, અને સામર્થ્ય બક્ષીને ભાર અને ભયમુકત શિક્ષણનો અનેરો આનંદ પ્રાપ્ત કરી શકે છે.